# ચાર્ટર્ડ એકાઉન્ટન્ટનો જુસ્સો: સ્વમાં શ્રદ્ધા રાખો

**પ્રજ્ઞેશભાઇ સુપરપાવર શકિતમાં માને છે. કોઇક તો એવી શકિત છે જે દરેકને તેના જીવનના દરેક તબક્કે મદદ કરે જ છે**

**સફળતાના રસ્તે જવું હોય તો, આત્મવિશ્વાસરૂપી કેડી પર ચાલો**

આ માણસ જાતમાં શ્રધ્ધા રાખે તો આપમેળે એક પછી એક સફળતાનાં શિખર સર કરે કેમ કે દરેકે પોતાનો ક્રોસ તો પોતે જ ઉપાડવાનો હોય છે. માટે ‘ગિરો તો ભી વાપસ સંભલો, હોસલા બુલંદ રખો, ચલતે રહો, ચલતે રહો..’ તો આમ જેમણે પોતાનો જુસ્સો કાયમ ટકાવી રાખ્યો છે તે છે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ પ્રજ્ઞેશ જગાશેઠ. આમ તો સીએની ડિગ્રી મેળવવી એ અતિ કપરું ચઢાણ છે પણ ડિગ્રી મેળવ્યા પછી આ ક્ષેત્રે ટકવું એ એનાથી ય અઘરું છે. આટલા સમયગાળામાં બસ, પોતાના પગ પર ઊભા રહીને ટકી જવાય તો સાચા અર્થમાં જીત મળેલી કહેવાય. આ જગાશેઠ એન્ડ કું. ના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ પ્રજ્ઞેશભાઇ કહે છે આજે તેમની પેઢી ઓડીટ, બેન્ક ઓડીટ, મેનેજમેન્ટ સિસ્ટમ, ટેકસેશન એમ તમામ ક્ષેત્રે કામ કરે છે. તેઓ સીએ ઉપરાંત ફોરેન્સીક ઓડિટર પણ છે. સર્ટિફાઇડ ફ્રોડ એડવાઇઝર છે જે અંતર્ગત તેઓ સીબીઆઇ ઇન્કમટેક્ષ ડિપાર્ટમેન્ટ સાથે સંલગ્ન રહી જયાં પ્રોપર્ટીઝમાં ફ્રોડ નોંધાયો હોય, ફાઇનાન્સિયલ ફ્રોડ નોંધાયો હોય તે બાબત સંશોધન કરે છે. આ સ્પેશ્યલાઇઝડ ફિલ્ડ છે જેમાં તેઓ કામ કરી રહ્યા છે.




મૂળ સુરતના પ્રજ્ઞેશભાઇને ક્રિકેટનો ખૂબ ક્રેઝ છે. તેમણે રમતમાં કરીઅર ન બનાવતાં સીએ બનવાનું નકકી કર્યું હતું. આ માટે તેમણે નેવર ગીવ અપ, બીલીવ ઇન યોરસેલ્ફ એટીટ્યુડ કાયમ રાખ્યો છે.

એમનો આત્મવિશ્વાસ એમને આ સ્થાને લાવ્યો છે. આ આત્મવિશ્વાસ કેળવવા પાછળ તેઓ પોતાની બાળપણની અચકાવાની- સ્ટેમરિંગની ટેવને યાદ કરે છે. તેઓ એક શબ્દ પણ સીધી રીતે બોલી શકતા નહોતા. અનેક દવાઓ, દવાખાનાંઓ, ડૉક્ટરો બદલ્યાં હતાં પણ તેમને ઇચ્છિત પરિણામ મળ્યું ન હતું. અચાનક તેમની અઢાર- વીસ વર્ષની ઉંમરે તેમનામાં આત્મવિશ્વાસ જાગ્યો અને આજે તેઓ અવિરત સ્પીચ આપી શકે છે. આ માટે કોઇ સુપરપાવર, ગોડ્ઝ ગિફ્ટ તેમને મળી હોય એવું લાગે છે. આમેય પ્રજ્ઞેશભાઇ સુપરપાવર શકિતમાં માને છે. કોઇક તો એવી શકિત છે જે દરેકને તેના જીવનના દરેક તબક્કે મદદ કરે જ છે. આ બાબતે તેઓ પોતાનો પર્સનલ કિસ્સો શેર કરે છે. તેમના પિતાને મુંબઇ જસલોક હોસ્પિટલમાં દાખલ કર્યા હતા એટલે સીએની પરીક્ષાની ઝાઝી તૈયારી તેમનાથી થઇ ન હતી. પણ પરીક્ષામાં બેઠા પછી એમને લાગ્યું કે ના, કોઇક સુપર પાવરશકિત છે જ જે તમને તમારી મંઝિલે પહોંચાડે છે ને આમ તેઓ સીએ થયા. સીએ થવા સુધીની જર્ની તો ટફ હતી જ, પણ એ પછીની સ્ટ્રગલ વધુ ટફ હતી. માંડ પચાસ સ્કવેર ફૂટ ઓફિસમાં તેમણે માત્ર ડિગ્રી સાથે બેસવાનું શરૂ કર્યું. આ ટફ સમયમાં તેમને સાથ મળ્યો ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ રસેશભાઇ શાહનો. રસેશભાઇની મદદથી ત્રણ વર્ષ બાદ પ્રજ્ઞેશભાઇ પોતાના પગ પર ઊભા રહેવા સક્ષમ બન્યા. ધીમે ધીમે પબ્લિક લાઇફમાં આગળ વધ્યા. આજે તેઓ ટેનિસ કલબ, ચેમ્બર ઓફ કોમર્સ, જીમખાના વગેરે સંસ્થાઓ સાથે સંકળાયેલા છે. એ તમામની કમિટીમાં રહી કાર્યરત છે. આ પ્રકારની સફળતાઓ હાંસલ કરી તેઓ ખુશ છે સાથે આપણા વાચકોને કહે છે કે, ‘હંમેશા સ્વમાં શ્રદ્ધા રાખો, સ્વબળે આગળ વધો.’

વધુ જાણવા QR સ્કેન કરો



Too many of us are not living our dreams because we are living our’s fears. - Les Brown